ચેક રિટર્ન કેસમાં આરોપીની સજા કાયમ રાખતી સેશન્સ કોર્ટ

સુરતઃ લિંબાયતનાં ફરીયાદી મકસુદ સુલતાન ખટીકને આરોપી સાદીક ઇનાયકહુશેન શેખએ પોતાની પત્ની તથા સાસુની માલિકીનું મકાનનું લખાણ લખી આપી ત્રણ લાખ રૂપિયા મેળવ્યા હતા. ત્યારબાદ મકાન નહીં આપી ફરીયાદીને આરોપીએ ત્રણ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેમાં ટ્રાયલ કોર્ટે આરોપીને છ માસની કેદની સજા તથા રૂ. ૪.૫૦ લાખ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો હતો. જે હુકમની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. ફરિયાદી પક્ષે વકીલ એજાઝખાન હકીમ તથા રીતેશ ઘંટીવાલાએ દલીલ કરતાં સેશન્સ કોર્ટે આરોપીની અપીલ નામંજૂર કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

માનસિક બીમારીમાં પરિણીતાએ ફાંસો ખાધો

સુરતઃ કતારગામમાં માનસિક બીમારીથી પીડિત પરિણીતાએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ રાજસ્થાનના વતની પાગારામ કોરી હાલ કતારગામ વિસ્તારમાં આવેલી ઉદયનગર સોસાયટી વિભાગ-1માં પત્ની માયા (ઉ.વ.19) સાથે રહે છે. પાગારામ કાપડ માર્કેટમાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેની પત્ની માયાને માનસિક બીમારી હતી. જે બીમારીથી કંટાળીને તેણીએ મંગળવારે સાંજે ઘરમાં લોખડના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો.

એલ.એચ. રોડ પર ઘરનો દરવાજો લોક થતાં માતા-પુત્રી ફસાયાં

સુરતઃ લંબે હનુમાન રોડ સ્થિત ગોકુલ નગર ભાગ-1નાં મકાનનં-10માં રહેતાં અરૂણાબેન ભિડે તથા તેમની પુત્રી સાથે રહે છે. દરમિયાન આજે સવારે 11:00 કલાકે તેમનાં મકાનનો મુખ્ય દરવાજો લોક થઈ ગયો હતો. માતા-પુત્રી ફસાઈ જતાં બૂમાબૂમ કરવા લાગ્યા હતા, તેથી પાડોશના લોકો એકત્ર થઈ ગયા હતા. બાદમાં ફાયર કંટ્રોલને જાણ કરાઈ હતી. જે બાદ કાપોદ્રા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ સ્પ્રેડર ટુલ્સનો ઉપયોગ કરી દરવાજાનું તાળું તોડી બન્નેને સલામત રીતે બહાર કાઢી લીધા હતા.

1.76 કરોડના ઠગાઈ કેસમાં બેના રિમાન્ડ મંજૂર

સુરતઃ રૂ. ૧.૭૬ કરોડની ઠગાઈ કેસમાં ઝડપાયેલા ઉદયપુરના આરોપી સુભાષચંદ્ર ઉદયલાલ તલેસરા, દિપક સુભાષચંદ્ર તલેસરાની રિમાન્ડ અરજી ટ્રાયલ કોર્ટે નામંજૂર કરતાં આ હુકમની સામે આર્થિક ગુના નિવારણ શાખાએ સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરતાં સેશન્સ કોર્ટે રિવિઝન અરજી મંજૂર કરી બંને આરોપીની ૨૯ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડીનો હુકમ કર્યો હતો. સરકાર તરફે વકીલ ડી. વી. દવેએ દલીલો કરી હતી આરોપીઓની મોડસ ઓપરેન્ડી ધ્યાને લેતાં માત્ર વાણિજક વ્યવહાર હોય તેમ જણાઈ આવતું નથી, પરંતુ ક્યાંક ગુનાહિત ઈરાદો છૂપાયેલો હોવાનું જણાઈ આવે છે. જે માટે આરોપીઓની પોલીસ કસ્ટડીમાં હાજરી અનિવાર્ય હોવાનું કોર્ટે નોંધ્યું હતું.

1 લાખ લિટર દૂધ સંપાદન કરતી ચોર્યાસી ડેરી 8000 લિટર પર આવી ગઈ

ચોર્યાસી ડેરીમાં ગેરરીતિની તપાસનો રિપોર્ટ જિ. રજિસ્ટ્રારે દબાવી દીધો?

એપ્રિલ- 2024 માં તત્કાલીન રજિસ્ટ્રાર ધ્રુવીન પટેલે બનાવેલી 2 સભ્યોની તપાસ સમિતિના રિપોર્ટ પર રજિસ્ટ્રારે કોઈ પગલાં લીધાં નહીં

સુરતઃ સુમુલ ડેરી કરતાં પણ જૂની સુરતની સૌથી જૂની ચોર્યાસી ડેરી એક સમયે એક લાખ લિટર જમીન સંપાદન સાથે ભવ્ય ભૂતકાળ ધરાવતી હતી. આજે મંડળીને માટે 8000 લિટર લુઝ દૂધ મળી રહ્યું છે.

મહિને 42 લાખની જાવક સાથે મહિને વ્યાજ ભારણ 5 લાખ અને 5 લાખ કર્મચારીઓની પીએફ.ની રકમ ભરવામાં ડેરીની વરાછા-કાપોદ્રા વિસ્તારની વેચાયેલી જમીન અને શહેરમાં પ્રાઈમ લોકેશન પર આવેલાં મીઠાઈ કેન્દ્રોની દુકાનોની રકમ ફૂંકાઈ ગઈ છે. હવે ચોર્યાસી ડેરીના કારભારીઓ મહીનામાં આવેલા ડેરીના ડુંભાલ પ્લાન્ટની જમીન ફૂંકી મારવાની તૈયારી કરી રહ્યાં છે.

સહકારી ક્ષેત્રમાં ચર્ચા એવી છે કે, ચોર્યાસી ડેરીના વર્તમાન બોર્ડની મુદત 8 મહિના બાકી રહી છે. એ પેહલાં કારભારીઓ ડુંભાલની માર્કેટ વિસ્તારની સોનાનો લગડી જેવી જમીન વેચી મારી પછી ચૂંટણી જ ન લડવાનો બદઈરાદો ધરાવે છે.

એપ્રિલ 2024 માં સભાસદ દિનેશ રબારી અને જનક પટેલએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ચોર્યાસી ડેરીના કારભારીઓનાં ગેરવહીવટ અંગે ફરિયાદ કરી હતી. એપ્રિલ 2024માં મુખ્યમંત્રીને કરવામાં આવેલી ફરિયાદમાં ફરિયાદીઓ જણાવ્યું હતુંકે, સંસ્થાએ અત્યાર સુધી લાલગેટ, શાસ્ત્રીનગર, સ્ટેશન અને ચોકની દુકાનો પણ વેચી દેવાઈ છે. છતાં છ કરોડની એફ.ડી લેવામાં આવી છે આ ઉપરાંત પ્લાન્ટ ઈન્ચાર્જ દ્વારા પણ દૈનિક આવક જાવક રિપોર્ટ પણ રજૂ નહીં કરાતી હોવાનો ગંભીર મુદ્દો ઉપસ્થિત કરાયો છે. અછતમાં દૂધનો પાઉડર અને તેમાં માત્રા મુજબ પાણી ઉમેરાય તો તેના આધારે પાઉચ તૈયાર થવા જોઈએ પરંતુ પ્લાન્ટ ઈન્ચાર્જ વધારાના દૂધની પણ ઉચાપત થતી હોવાનું જણાવાયું હતું.

તે વખતે તત્કાલીન સુરત જિલ્લા સહકારી રજિસ્ટ્રાર ધ્રુવિન પટેલે પત્રકારોને કહ્યું હતું કે, બે સભ્યની ઈન્કવાયરી કમિટી બની છે એટલે રિપોર્ટ પારદર્શી અને ડિટેઈલમાં આવશે, પરંતુ હાલના રજિસ્ટ્રારે ઊંડાણ પૂર્વકની તપાસ કરવાને બદલે શંકાસ્પદ રીતે આખો મામલો જ દાબી દીધો છે.

ચોર્યાસી ડેરીનું સુમુલમાં મર્જર કરી દેવું જોઈએ

સુમુલ ડેરીમાં વર્ષોથી ડિરેક્ટર ચૂંટાતા ખેડૂત અને અગ્રણી પશુપાલક જયેશ એન પટેલ (દેલાડ) એ જણાવ્યું હતું કે, ચોર્યાસી તાલુકાની 20 દૂધ મંડળી સુમુલમાં જોડાઈ રોજ 17,000થી 18,000 લિટર દૂધ ભરી રહી છે. સહકાર વિભાગે ચોર્યાસી ડેરીનું સુમુલ ડેરીમાં વિલીનીકરણ કરી દેવું જોઈએ.

મગદલ્લા બંદર તરફ આવતી બોટ દરિયામાં પલટી ગઈ

મધ દરિયાથી મગદલ્લા બંદરે આવી રહેલી કોલસા ભરેલી એક બોટ પલટી મારી ગઈ હતી. આ ઘટનામાં બોટમાં ફસાયેલા લોકો બચાવી લેવામાં આવ્યા હતા. (તસવીરઃ હેંમત ડેરે)

સરથાણા નેચર પાર્કમાં ઓડિટોરિયમ એડમિન બિલ્ડિંગ, સાકાર કરાશે

સુરતઃ સરથાણા પાલિકા સંચાલિત નેચર પાર્કમાં વેકેશનમાં લોકોની ભાર ભીડ ઉમટી હતી જેના કારણે વહીવટી બિલ્ડિંગ અને ઓડિટોરિયમનો અભાવ જોવા મળતો હતો. જેને પગલે હવે વહીવટી તંત્ર દ્વારા નેચર પાર્કમાં અંદાજે 3.57 કરોડ રૂપિયાના ખર્ચે ઓડિટોરિયમ અને એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ બનાવવાની કવાયત હાથ ધરી છે. જે માટે હાથ ધરવામાં આવેલી ટેન્ડર પ્રક્રિયાને અંતે પાંચ કરોડ રૂપિયાના અંદાજ સામે ચાર ટેન્ડરરો પૈકી 28.77 ટકા નીચું ટેન્ડર ભરનાર હરેશ કન્સ્ટ્રક્શનને આ કામગીરી સોંપવા અંગેની દરખાસ્ત વહીવટી તંત્ર દ્વારા સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરાઈ છે. જે અંગે આગામી શુક્રવારે શાસકો દ્વારા અંતિમ નિર્ણય લેવાશે.

ગુનેગારોના વરઘોડા કાઢનાર પોલીસ ટપોરી રવિ સામે ઘૂંટણિયે

રવિ ફાઈટર સામે કાર્યવાહીમાં પોલીસની એકબીજા પર 'ખો'

પોલીસે જાણે રવિ ફાઈટરને બચાવવાની સોપારી લીધી હોય તેવી સ્થિતિ, પો.કમિ. ના આદેશને પણ ઘોળીને પી જવાયો

સુરતઃ હેલમેટ વિનાની બાઈક અને થાર ગાડી સાથે રેલી કાઢી પોતાનો વટ બતાવવા માટે સમગ્ર વિસ્તારને બાનમાં લેનાર નામચીન રવિ ફાઈટર સામે અડાજણ પોલીસ ઘુંટણિયે પડી જવા પામી છે.

રવિ ફાઈટરે ફેંકેલા પડકાર છતાં પણ પોલીસ તેની ચરણચુંબક બની હોવાની સ્થિતિ છે. જાણે રવિ ફાઈટરને બચાવવાની સોપારી લીધી હોય તેમ અડાજણ પોલીસ પગલા લેવાની જવાબદારી ટ્રાફિક પોલીસ પર નાખી રહી છે જ્યારે ટ્રાફિક પોલીસ અડાજણ પોલીસ પાસે સત્તા હોવાનું કહી રહી છે. ટપોરી રવિએ કાયદો પોતાના હાથમાં લઈ લીધો છે પરંતુ પોલીસ કાયદાને બાજુ પર મુકી રહી છે. પો.કમિ. ના સ્પષ્ટ આદેશને પણ સુરત પોલીસ ઘોળીને પી જઈ રહી છે. અડાજણ પીઆઈ જોગરાણા રવિને બચાવવાની ફિરાકમાં હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

થાર કાર રવિની અને પાછળ બાઈક ચલાવતા તેના જ માણસો પણ પોલીસને તેવું કશું જ દેખાતું નથી

રવિ ફાઇટરના પેજ પર થયેલો વાઇરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એક સફેદ રંગની થાર ગાડી રસ્તા પર જઈ રહી છે અને તેની પાછળ અંદાજે 30થી 40 જેટલા યુવાનો એક્ટિવા અને બાઈક લઈને સવાર છે. આટલી મોટી સંખ્યામાં હોવા છતાં, ટોળામાં રહેલા એક પણ યુવાને હેલ્મેટ પહેરવાની તસ્દી લીધી નથી, જે પોલીસની કામગીરીને જાહેરમાં પડકાર ફેંકી રહ્યા હોય તેવું પ્રતિત થાય છે. તપાસમાં થાર ગાડી અને તેની પાછળ જતા લોકો રવિ ફાઈટરના જ હોવાનું બહાર આવ્યું છે. વિવાદનો પર્યાય બની ગયેલો રવિ ફાયટર અગાઉ પણ આવા કારનામા કરી ચૂક્યો છે. અગાઉ પણ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા રવિની સંવેદનશીલ ગુનામાં પૂછપરછ કરવામા આવી હતી. આ ઉપરાંત યુવાનોને ગણપતિના નામે ભેગા કરીને ઇન્સ્ટાગ્રામ પર ઉધાયત્તા કારનામા કરીને પ્રસિદ્ધી મેળવવામાં રવિ કુખ્યાત છે. રવિ ફાયટર સામે હાલમાં પોલીસ ફરિયાદ દાખલ કરવા ચક્રો ગતિમાન થયા છે. રવિ હાલમાં મુંબઈ ભાગી ગયો હોવાની ચર્ચા ચાલી રહી છે.

રવિ ભેરવાય ત્યારે રાજકીય માથાઓના પગે પડવા જાય છે

રવિ ફાઇટરનું નામ બહાર આવતા જ તેના રાજકીય આકાઓ તેની મદદે બહાર આવ્યા છે. આકાઓના દબાણ આવતા તપાસ બંધ કરી દેવામાં આવી રહી હોઈ તેવી ચર્ચાઓ થઈ રહી છે. ટ્રાફિક પોલીસ કાર્યવાહી માટે અડાજણ પોલીસ પર ટોપલો ઢોળ્યો છે. જ્યારે અડાજણ પીઆઈ આ મામલે પૂછતા તેમણે ટ્રાફિક દંડની કાર્યવાહી ટ્રાફિક પોલીસે તપાસ શરૂ કરી છે.અને કોઈ રેલી હોઈ હોવાનું સ્પષ્ટ ના પાડી દીધી હતી.પોલીસે રવિ ફાઇટરને બોલાવી નિવેદન લેવાની કે વધુ તપાસ કરવાની તજવીજ પણ ન લેતા સ્થાનિકોમાં આ મામલે રોષ જોવા મળી રહ્યો છે. રવિ ફાઇટર અગાઉ આવા ઘણા વિવાદિત વીડિયો બનાવી ચૂક્યો છે પણ પોલીસ તેના પર કોઈ કાર્યવાહી ન કરતી હોવાના આક્ષેપ કરી રહી છે. જેથી સમગ્ર મામલે મોટો વિવાદ ઉઠ્યો છે.

જે વિસ્તાર વધુ હોય તેના મુજબ દસ્તાવેજની સ્ટેમ્પ ડ્યૂટી વસૂલાશે

સુરત : મિલકતના દસ્તાવેજોમાં કાર્પેટ એરીયા, બિલ્ટઅપ એરીયા અને સુપર બિલ્ટઅપ એરીયા દર્શાવવાના મામલે ઉભી થયેલી ગેરસમજ અંગે મદદનીશ નોંધણી સર નિરીક્ષક, સુરતે જણાવ્યું કે, દસ્તાવેજમાં દર્શાવેલા ત્રણ પૈકી જે વિસ્તાર વધુ દર્શાવાયેલા હોય તે મુજબ મિલકતનું મૂલ્યાંકન કરી સ્ટેમ્પ ડ્યુટીની વસુલાત કરવાની રહેશે. આ સૂચનામાં ક્યાંય એવો ઉલ્લેખ નથી કે દસ્તાવેજ સ્વીકારવાનો ઇનકાર કરવો. તેમજ ફરજિયાત રીતે સુપર બિલ્ટઅપ એરીયા મુજબ જ મૂલ્યાંકન કરવાનું પણ કોઈ સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો નથી. જણાવવામાં આવ્યું છે કે જો દસ્તાવેજમાં કાર્પેટ, બિલ્ટઅપ અને સુપર બિલ્ટઅપ એરીયાનો ઉલ્લેખ અને ક્ષેત્રફળ દર્શાવેલા હોય, તો જે ક્ષેત્રફળ વધુ હોય તે મુજબ મૂલ્યાંકન કરવું. જો પક્ષકારો અથવા વકીલો આ મૂલ્યાંકન બાબતે સંમત ન થાય, તો તેવા દસ્તાવેજોને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની કલમ-૩૨(ક) મુજબ નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્રની કચેરીને રેફર/રિફરન્સ કરવા સૂચના આપવામાં આવી છે.

કોળી સમાજ ગામેગામ મહિલા મંડળો બનાવે તેવી હાંકલ કરાઈ

કાંઠા વિભાગ યુવા કોળી સમાજ પરિવર્તન ટ્રસ્ટનો સ્નેહમિલન સમારોહ યોજાયો

સુરતઃ કાંઠા વિભાગ યુવા કોળી સમાજ પરિવર્તન ટ્રસ્ટ આયોજિત સ્નેહ મિલન સમારોહ તા.20મી ડિસેમ્બરના રોજ રામજીવાડી અનિલા પાર્ટી પ્લોટ પર વિશાળ જનમેદની વચ્ચે સંપન્ન થયો હતો. સમારોહમાં કાંઠા વિસ્તારના ૨૧ ગામોની સાંસ્કુતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સમાજની સેવા કરનારા સ્વ.રમણભાઈ મકનભાઈ પટેલ (મગદલ્લા) ને મરણોત્તર સમાજ રત્ન એવોર્ડ એમના પરિવારના સભ્યોને એનાયત કરવામાં આવ્યો હતો.

ટ્રસ્ટનાં પ્રમુખ પ્રકાશ કોન્ટ્રાકટરે તેમના પ્રવચનમાં કહ્યું હતું કે સામાજિક ક્રાંતિ કરવી હોય તો બહેનો વગર શક્ય નથી. માટે સમાજમાં બહેનોએ ગામે-ગામ મહિલા મંડળો બનાવવા જોઈએ. આ માટે ટ્રસ્ટનો સહકાર પૂરેપૂરો મળશે.

આ કાર્યક્રમમાં આત્મહત્યા નિવારણ અંગેનું ડો.પ્રો. રાજેશભાઈ ખલાસીની સ્પીચ ખૂબ જ આકર્ષક રહી હતી. સમારોહમાં હાલના સુરત જિલ્લા વકીલ મંડળના હાલમાં જ ચૂંટાયેલા પ્રમુખ ઉદયભાઈ પટેલ અને તેમની ટીમનું સન્માન કરવામાં આવ્યું હતું.

સાથે સાથે હાલમાં જ ગુજરાત રાજ્ય ગોલ્ડ મેડાલિસ્ટ મો.આતિક શેખ અને આભવા જ્ઞાનદીપ સ્કૂલના પી ટી.શિક્ષક અમિતભાઈ પટેલ તેમજ વોઇસ ઓફ મુકેશના જશવંતભાઈ પટેલ-અલથાણનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર કોળી સમાજના પ્રમુખ હિતેશભાઈ ભરથાણા. ઉપપ્રમુખ સી.ડી. પટેલ, દાતા અને લેન્ડ ડેવલોપર્સ દિપકભાઈ ધીરુભાઈ ઈજારદાર-સુલતાનાબાદ, કોર્પોરેટર બળવંતભાઈ રતિલાલ પટેલ, સત્યાગ્રહ સ્મૃતિ ટ્રસ્ટ ભીમરાડના પ્રમુખ બળવંતભાઈ પટેલ, કાંતિભાઈ આભવા, મોહનભાઈ પટેલ વિગેરે હાજર રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમના જજીસ તરીકે પ્રતિકભાઈ મસાડા અને નિધિબેન પટેલ રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ડો.પ્રો. બ્રિજેશભાઈ પટેલ (આભવા) અને ડો.પ્રો.પૂજાબેન પટેલ (દીપલી) દ્વારા કરવામાં આવ્યું હતું.

ગર્ભવતી મહિલા પર દુષ્કર્મ કેસમાં 10 વર્ષની કેદની સજા

નગ્ન અવસ્થાના ફોટા પાડી લઈ ભોગ બનનારને પતિ અને દીકરીને મારી નાંખવાની ધમકી આરોપી આપતો હતો

પરિણીત સ્ત્રી પતિ સિવાય અન્ય પરપુરુષ સાથે આ પ્રકારના ફોટામાં સ્વીકૃતિ ન આપે

સુરત : ગર્ભવતી મહિલા પર વારંવાર બળાત્કાર ગુજારનાર આરોપી રત્નકલાકાર ધર્મેશ જીવા જીંજાળાને ટ્રાયલ કોર્ટે ૧૦ વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. પુણા પોલીસ સ્ટેશનને સને ૨૦૧૮માં કામરેજના રહેવાસી આરોપી રત્નકલાકાર ધર્મેશ જીવા જીંજાળા સામે ફરિયાદ નોંધાઈ હતી. ભોગ બનનાર ફરિયાદી ગર્ભવતી હોવા છતાં પણ આરોપીએ બળજબરીથી અલગ અલગ જગ્યાએ બળાત્કાર ગુજાર્યો હતો. તેમજ અંગત પળોનાં ફોટા પાડી લઈ ફરિયાદીના પતિ તથા દીકરીને મારી નાખવાની ધમકી આપી પોતાની ઓફિસમાં ફરીથી દુષ્કર્મ કર્યું હતું. ફરિયાદ નોંધાયા બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

આ કેસની ઈન્સાફી કાર્યવાહી ટ્રાયલ કોર્ટમાં ચાલતાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ વી એલ ફળદુએ દલીલો કરી હતી. ટ્રાયલ કોર્ટે ફરિયાદી પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને દોષિત ઠેરવી દસ વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

ભયના ઓથા હેઠળ સંમતિ એ સ્વેચ્છાપૂર્વકની સંમતિ ન કહેવાય

આરોપી પાસે ભોગબનનારનાં અર્ધનગ્ન ફોટા હોય અને તે ફોટાના ઓથા હેઠળ આરોપી ભોગબનનારને ધમકી આપતા હોય ત્યારે સ્વાભાવિક રીતે પણ એક સગર્ભા સ્ત્રીના માનસ ઉપર ભયનું વાતાવરણ ઉભુ થાય અને તે ભયના ઓથા હેઠળ સમંતિ એ સ્વેચ્છાપૂર્વકની સમંતિ પણ ન કહેવાય તેમ કોર્ટે નોંધ્યું હતું.

વ્યાજ, મૂળ રકમની ચૂકવણી પછી પણ 1.62 લાખની વસૂલી

સુરતઃ અમરોલી વિસ્તારમાં હાઉસિંગ બોર્ડ પાસે કરિયાણાની દુકાન ચલાવતા ગહેરીલાલ જયરામજી ગુર્જરે નાણાંની જરૂરિયાત ઊભી થતાં તેમણે અમરોલી ગામમાં જલારામ મંદિર પાસે બાલવીર કોમ્પલેક્સમાં રહેતા સુખલાલ મોહનજી કુમાવત પાસેથી રૂપિયા અઢી લાખ 2.5 ટકાના વ્યાજે લીધા હતા. ફરિયાદ અનુસાર, સમય જતાં ગહેરીલાલે કુલ રૂ. 1.78 લાખ જેટલું વ્યાજ, મૂળ રકમમાંથી પણ રૂ. 1.75 લાખ પરત આપી દીધા હતા. જો કે સુખલાલે સિક્યોરિટી માટે લીધેલા ચેકમાં રૂ. 1.62 લાખની રકમ ભરી બેંકમાં ભરતા રિટર્ન થયો હતો. જેની ધમકી આપી વસૂલી કરતાં ગહેરીલાલ ગુર્જરે અમરોલી પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મિલેનિયમ માર્કેટના પિતા-પુત્રની 63.65 લાખની ઠગાઈ

ઉધારમાં માલ ખરીદી દુકાન બંધ કરી ફરાર, દલાલ સામે પણ ગુનો નોંધાયો

સુરતઃ મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટના ઠગ પિતા-પુત્ર અને તેમના દલાલે ટોપ ડાઈડ તથા નાયલોન કાપડનો મોટો જથ્થો ખરીદી ૬૩.૬૫ લાખ રૂપિયાનું ચૂકવણું બાકી રાખી દુકાન બંધ કરી રફૂચક્કર થઈ ગયા હતા.

સિટીલાઈટ રોડ વિસ્તારના સૂર્યા પેલેસ ખાતે રહેતા ૫૦ વર્ષીય મુકેશભાઈ રામવિલાસ અગ્રવાલ સારોલીમાં 'એકદંતા ફેબ્રિક્સ પ્રાઈવેટ લિમિટેડ' અને 'ઈન્વોગ વીવ્સ' નામે કાપડનો વ્યવસાય કરે છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ-૪ ભાઠેનામાં આવેલી 'પૂજા આર્ટ'ના પ્રોપરાયટર સુભાષ ઉદયભાઈ જૈન, તેમના પુત્ર દીપક સુભાષ જૈન તથા દલાલ વિકાસ સિંઘે સંપર્ક સાધી વેપાર શરૂ કર્યો હતો. માર્ચ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન અંદાજે ૧.૮૧ કરોડ રૂપિયાનું ટોપ ડાઈડ અને નાયલોન કાપડ ખરીદવામાં આવ્યું હતું, જેમાંથી ૪૦.૩૧ લાખ રૂપિયા બાકી રહ્યા હતા. આ ઉપરાંત ૪૯ લાખથી વધુનો કાપડ માલ ખરીદી તેમાં પણ ૨૩.૩૩ લાખ રૂપિયાનું ચૂકવણું અટકાવી દેવામાં આવ્યું હતું. આ રીતે કુલ ૬૩.૬૫ લાખ રૂપિયા બાકી હોવા છતાં મુકેશભાઈ અગ્રવાલે ઉઘરાણી કરતાં આરોપીઓએ વારંવાર ખોટા વચનો આપ્યા હતા. અંતે પેમેન્ટ કર્યા વિના પૂજા આર્ટની દુકાનને તાળા મારી જૈન પિતા-પુત્ર અને દલાલ ફરાર થઈ ગયા હતા. મામલો પ્રકાશમાં આવતા સારોલી પોલીસે ફરિયાદ નોંધી ત્રણેય સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સચિન ડાયમંડ પાર્કના 200 વિવિંગ એકમો શનિવારે સ્વૈચ્છિક બ્રેક લેશે

ઓવર પ્રોડક્શન અને ભાવ ઘટાડા સામે 24 કલાક મશીનો બંધ રાખવાનો નિર્ણય

વેપારીઓ દ્વારા ગ્રેની ખરીદી અટકતાં મિલમાલિકોને જોબવર્કના કામો પણ મળતા નથી

15 જાન્યુઆરીએ કમુરતા પૂર્ણ થયા બાદ પોલિએસ્ટર બેઝ કાપડની માંગમાં સુધારાની શક્યતા

સુરતઃ વિવિંગ ઉદ્યોગમાં લાંબા સમયથી ચાલી રહેલા ઓવર પ્રોડક્શન અને કાપડના ભાવોમાં સતત ઘટાડાને કારણે સચિન ડાયમંડ પાર્કના મશીન ઓપરેટરોએ મહત્વપૂર્ણ સ્વૈચ્છિક નિર્ણય લીધો છે. શનિવાર, તા. 27 ડિસેમ્બર 2025ના રોજ 24 કલાક માટે તમામ લુમ્સ બંધ રાખવામાં આવશે.

આ નિર્ણય હેઠળ સચિન ડાયમંડ પાર્કમાં કાર્યરત રેપિયર જેકાર્ડ, વોટરજેટ અને એરજેટ લુમ્સના અંદાજે 200 જેટલા એકમો શનિવારે ખાતા બંધ રાખશે. ઉદ્યોગ તજજ્ઞોના જણાવ્યા મુજબ, ઓવર પ્રોડક્શનની સ્થિતિ હળવી કરવા અને બજારમાં સંતુલન લાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

ગ્રે કાપડની ખરીદી અટકી, વિવર્સ પર અસર સુરતના વિવિંગ ઉદ્યોગમાં હાલ મંદીનો સ્પષ્ટ માહોલ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ વિવર્સ પાસેથી ગ્રે કાપડની નવી ખરીદી અટકાવી દેતાં મિલ માલિકોને જોબવર્કના કામ મળતા નથી. પરિણામે ઉત્પાદન ચક્ર પર ગંભીર અસર પડી છે.

ડાઈંગ મિલોમાં પણ ઉત્પાદન કાપ રાખવામાં આવી રહ્યો છે.મંદીની અસર ડાઈંગ મિલોમાં પણ જોવા મળી રહી છે. ઘણી ડાઈંગ મિલો અઠવાડિયામાં બે દિવસ ઉત્પાદન કાપ રાખી રહી છે, જેના કારણે સમગ્ર ટેક્સટાઈલ ચેઈનમાં ધીમી ગતિ અનુભવાઈ રહી છે.

ઉદ્યોગ સાથે જોડાયેલા વર્તુળોમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે નવા વર્ષમાં, ખાસ કરીને 15 જાન્યુઆરીએ કમુરતા પૂર્ણ થયા બાદ પોલિએસ્ટર બેઝ કાપડની માંગમાં સુધારો આવી શકે છે. જો માંગ વધે તો વિવિંગ અને ડાઈંગ બંને સેક્ટરમાં ફરીથી ગતિ આવવાની સંભાવના છે.

ભ્રષ્ટાચારઃ માત્ર 15 વર્ષમાં વડોદની શાળા ખખડી ગઈ

છત અને દીવાલોમાંથી ખરતા પોપડા, હવે દોઢ કરોડનો ખર્ચ કરી રિનોવેશન કરાશે

સુરતઃ સુરત મનપાના ભ્રષ્ટ વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરોના મેળાપીપણામાં અત્યાર સુધી આવાસો જ ગણતરીના સમયમાં જર્જરિત થઈ જતાં હતા. જો કે, હવે શિક્ષણનાં ધામને પણ ભ્રષ્ટાચારનું ગ્રહણ લાગ્યું હોય તેમ ફલિત થઈ રહ્યું છે. ઉધના ઝોન વિસ્તારમાં આવેલા વડોદ આવાસ ખાતે માત્ર 15 વર્ષ પહેલાં બનાવવામાં આવેલી સરકારી શાળા હવે મરામતના મુકામ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ઘણા સમયથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભયનાં ઓથાર હેઠળ આ શાળામાં અભ્યાસ કરવા માટે મજબૂર બની રહ્યા છે ત્યારે હવે હાઉસિંગ વિભાગ દ્વારા આ શાળાનાં સમારકામ પાછળ વધુ દોઢ કરોડ રૂપિયાનાં આંધણ કરવામાં આવશે.

વડોદ ખાતે આવેલી નગર પ્રાથમિક શાળા નં. 199માં છેલ્લા ઘણા સમયથી છત અને દિવાલમાંથી પોપડાં ખરી રહ્યા હોવાની સાથે ઠેર ઠેર ઇમારતમાં તિરાડો પડી ગઈ છે. માત્ર 15 વર્ષમાં જ શાળાની આ હાલત થઈ ગઈ છે. ઘણા સમયથી શાળામાં ભુલકાઓ અને શિક્ષકો પણ ભયના ઓથાર હેઠળ અભ્યાસ કરવા અને કરાવવા માટે મજબૂર બની રહ્યા છે. હાલમાં જ ઉધના ઝોનનાં હાઉસિંગ વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને જેમાં બે કરોડ રૂપિયાનાં અંદાજ સામે ટેન્ડરર વિશાલ ડોબરિયા દ્વારા 9.11 ટકા નીચું 1.53 કરોડ રૂપિયાનું ટેન્ડર ભરવામાં આવ્યું હતું. જેને પગલે હવે આ અંગેની દરખાસ્ત શાસકો સમક્ષ રજુ કરવામાં આવી છે.